# લોકશાહી ના અવસરને વધાવી લેવા અને મતદાન વધારવા મહીસાગર જીલ્લા વહીવટી તંત્રના સહયોગ માટે તબીબો અને કેમિસ્ટ એકસૂરે સંમત



લુણાવાડા, લોકસભા સામાન્ય ચૂંટણીમાં મહીસાગર જીલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર નેહાકુમારીના માર્ગદર્શનમાં જીલ્લામાં વધુને વધુ મતદાન થાય તે હેતુસર સ્વીપ ઈવેન્ટ અંતર્ગત અનેકવિધ મતદાન જાગૃતિના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે મહીસાગર જીલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા જીલ્લાના IMA સભ્યો જનરલ પ્રેકટીશનર, આયુષ એસોસીયેશન અને કેમીસ્ટ એસોસીયેશન સભ્યોની બેઠક લુણાવાડા સોનેલા ખાતે હોટલ ફોર સીઝનના હોલમાં યોજાઈ હતી.

આ મિટિંગમાં જીલ્લા કલેક્ટર નેહાકુમારી અને જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલ દ્વારા થયેલ ચર્ચા વિચારણામાં મતદાનની ટકાવારી વધારવા સૌના ઉપયોગી સૂચનોને વધાવી લઈ લોકશાહીના અવસરની ઉત્સાહભેર ઉજવણી કરવા એકસુરે સંમત થયા હતા. વધુમાં તેમણે આગામી ૭મી મેના રોજ અવશ્ય મતદાન કરી અને કરાવી લોકશાહીના આ અવસરને સાર્થક કરવા ખાસ અપીલ કરી હતી. તેમણે આ અંગે તબીબોના સહયોગ ની અપેક્ષા વ્યકત કરી હતી. સાથે સાથે સ્વીપના પોસ્ટર દરેક દવાખાને તથા મેડીકલ સ્ટોર પર લગાડવાની કામગીરીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પ્રોબેશનલ આઈ.એ.એસ મહેંક જૈન, જીલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી સી આર પટેલ, જાણીતા તબીબો, કેમિસ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

# બાલાસિનોર તાલુકાના પાંડવા તાબે આવેલા ઘાટીયા તળાવ ના ભરવામાં આવતા આઠ ગામના લોકોએ ચુંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી

## સુજલામ સુફલામ વિભાગ દ્વારા ઠાગાઠૈયા કરવામાં આવતા ગ્રામજનોમાં રોષ ભભૂક્યા



બાલાસિનોર તાલુકાના પાંડવા તાબે આવેલા ટીમ્બાના મુવાડા ખાતે ઘાટીયા તળાવ ભરવા માટે સને ૨૦૨૨માં મંજૂરી મળવા છતાં આજદિન સુધી ભરવામાં ના આવતા આઠ ગામના લોકોએ બાલાસિનોર મામલતદારને આવેદન આપી ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર મહીસાગર જીલ્લાના સુજલામ સુફલામ પૂર્વ યોજના હેઠળ પાંડવા ગામે આવેલા ઘાટિયા તળાવમાં પૂર્વ ધારાસભ્ય અજીતસિંહ ચૌહાણ ના પ્રયત્નો થી ગ્રાન્ટ મંજુર થયેલ હોવા છતાં આજ દિન સુધી પાણીના ભરવામાં આવ્યું નથી આ બાબતે મુખ્ય મંત્રીને રજૂઆત કરેલ હતી જે બાબતે સુજલામ સુફલામ સ્પેનગ કેનાલ ની સાથળ ૫૭,૨૯૦ કી.મી. પરના એચ.આર મહીસાગર જીલ્લાના બાલાસિનોર તાલુકા ના પાંડવા તાબે ટીંબાનાં મુવાડા (પંટિયા) તળાવ ભરવા માટે પત્ર થી અંદાજીત રકમ ૭,૫૪,૪૭,૮૦૦/- ની સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે અને પ્રાંત કચેરી દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર હતી પરંતુ જેતે જવાબદાર અધિકારીઓ અને કર્મચારી આંખ આગળ આડા કાન રાખી કોઈ કાર્યવાહી ન કરતા ખેડૂતો પાણી વગર વલખા મારે છે અને તળાવમાં પાણી ભરવાથી ટીંબા, ભાઠોડા,ખાણોના મુવાડા, તાજેરી, ચલાલી, પારુસિંહ ના મુવાડા, તથા ભગવતપુરા ને લાભ થાય તેમ છે પરંતુ આજ દિન સુધી આ કામગીરી ચાલુ ના થતા અમો સામુહિક ગામ ટીંબાના મુવાડા નાનાટીંબા, ભાઠોડા, તાજેરી, ખાણો ના મુવાડા. પંજી ના મુવાડા, ચલાલી, દોલતપોચડા, ભગવતપુરા, સામુહિક ગ્રામજનો ચુંટણી બહિસ્કાર કરવાની ચીમકી આપતું આવેદન પત્ર બાલાસિનોર મામલતદાર રાકેશભાઈ વાઘેલાને આપ્યું હતુ જયારે મામલતદાર દ્વારા આગામી પાણી સમિતિની બેઠકમાં આ મુદ્દે ચર્ચા કરી યોગ્ય કાર્યવાહી કરી ઘટતું કરવા માટેની હૈયાધારણા આપી હતી .

# વિરપુરના ડેભારી માર્ગના પુલ ઉપર રેલિંગ ન હોવાના કારણે વાહનચાલકોને અકસ્માતનો ભય

વિરપુર, મહિસાગર જિલ્લાના વિરપુર તાલુકાના ડેભારીથી વિરપુર જવાના માર્ગ પરના આરસીસી પુલ ઉપર રિલીંગ નહિ હોવાના કારણે અકસ્માતની ભિતી સેવાઈ રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ડેભારીથી વિરપુર માર્ગ બે વર્ષ અગાઉ કરોડો રૂપિયા ખર્ચીને નવીન માર્ગ બનાવ્યો છે. જે ડેભારી ગામની બહાર નીકળતા આરસીસી અંદાજિત ૫૦ મીટરનો નાનો પુલ બનાવ્યો છે. જે પુલને અડીને ડિવાઈડર મુકવામાં આવ્યુ નથી. જેના કારણે વાહન ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. પુલ ઉપર રેલિંગના અભાવે અવાર નવાર પસાર થતાં વાહન ચાલકોમાં બ્રિજથી નીચે ૩૦ થી ૫૦ ફુટ ઉંડા ખાડામાં ખાબકી જવાનો ભય સેવાઈ રહ્યો છે. આ રોડ ઉપર આવેલા પુલ નીચેથી વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવે છે. તેમજ આ પુલ ઉપરથી વાહનોને અવર જવર કરવા માટે બ્રિજ બનાવાયો છે. પણ છેલ્લા કેટલાય સમયથી આ બ્રિજ ઉપર બંને સાઈડ રેલિંગનો અભાવ હોય સાથે જ આ રોડ ઉપર રાત્રિના સમયે અંધારૂ હોય બ્રિજના ઉંડા ખાઈમાં વાહન પડી જવાનો અને અકસ્માતનો ભય સેવાઈ રહ્યો છે.સ્થાનિકો અને રાહદારીઓ દ્વારા અવાર નવાર રજુઆત તંત્રને કરવામાં આવી છે. છતાં તંત્ર બેદરકાર બની રહ્યુ છે. આ રોડ ઉપરથી સંખ્યાબંધ વાહનો સાથે સ્કુલ બસ એસ.ટી.બસો સહિત વાહનો પસાર થાય છે. વહેલી તકે આ બ્રિજ ઉપર બંને સાઈડ રેલિંગ નાંખે તેવી માંગ ઉઠી છે.

# ૧૭-ખેડા સંસદીય મતવિસ્તારમાં ચૂંટણીના સરળ સંચાલન અને દેખરેખ માટે નિરીક્ષકઓની નિમણૂક કરવામાં આવી

નડિયાદ, ખેડા સંસદીય મતવિસ્તાર માટે મતદાન તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ યોજાનાર છે ત્યારે ચૂંટણીના સરળ સંચાલન અને દેખરેખ રાખવા માટે ૧૭-ખેડા સંસદીય મતદાર વિભાગની બેઠક માટે ભારતીય ચૂંટણીપંચ, નવી દિલ્હી દ્વારા ચૂંટણી નિરીક્ષકઓની નિમણૂક કરવામાં આવેલ છે. જે અન્વયે ૧૭ખેડા સંસદીય મતદાર વિભાગના મતદારોને ચૂંટણી વિષયક કોઈ રજુઆત હોય તો જનરલ ઓબ્ઝર્વર શશી પ્રકાશ ઝા (IAS)નો રૂમ નં.૨ ગ્રાઉન્ડ ફલોર તથા ખર્ચ ઓબ્ઝર્વર ભાસ્કર કલ્લુરૂ (IRS)નો રૂમ નં.૪ પ્રથમ માળ સર્કિટ હાઉસ, ડભાણ રોડ, નડિયાદ ખાતે સવારના ૧૧ થી ૧૨ કલાક દરમિયાન સંપર્ક કરી શકાશે. ઉપરાંત પોલીસ ઓબ્ઝર્વર અંજનીકુમાર ઝા (IPS)નો રૂમ નં.૧ ગ્રાઉન્ડ ફલોર સર્કિટ હાઉસ, ડભાણ રોડ, નડિયાદ ખાતે દર શુક્રવાર તથા શનિવારે સવારના ૧૧ થી ૧૨ કલાક દરમિયાન ચૂંટણી સંબધિત કોઈ પ્રશ્ન કે રજૂઆત માટે સંપર્ક કરી શકાશે.

# મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત આઈ.સી.ડી.એસ. શાખા દ્વારા વિવિધ કાર્યક્રમ કરવામાં આવ્યા

નડિયાદ, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે જીલ્લા ચૂંટણીતંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે અનેકવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત આઈ.સી.ડી.એસ. શાખા દ્વારા ૫૦%થી ઓછું મતદાન ધરાવતા તથા મહિલા મતદાન અને પુરૂષ મતદાન વચ્ચે તફાવત ૧૦%થી વધુ છે તેવા બુથો પર આંગણવાડી કેન્દ્રો ખાતે વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા.
જેમાં સિગ્નેચર કેમ્પેઈન, મતદાન જાગૃતિ રેલી, મતદાતાઓ દ્વારા શપથ, રંગોળી અને વોટર આઇડી સિવાયના માન્યતા પ્રાપ્ત દસ્તાવેજોની સમજ આપવા સહિતની પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં દરેક આંગણવાડી કેન્દ્રોમાં અંદાજીત ૧૫ થી ૨૦ વ્યક્તિઓ હાજર રહ્યા હતા.

# ઉમેદવારી નોંધાવવાના છેલ્લા દિવસે ૧૭- ખેડા લોકસભા બેઠક માટે ૦૭ ઉમેદવારો દ્વારા કુલ ૦૯ ફોર્મ ભરવામાં આવ્યા

નડિયાદ, લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત ૧૭ - ખેડા લોકસભા બેઠક માટે તા. ૭મી મે ૨૦૨૪ના રોજ મતદાન થનાર છે. જે અન્વયે આજે તા. ૧૯-૦૪-૨૦૨૪ ને શુક્રવારના રોજ ખેડા લોકસભા બેઠક પર ૦૭ ઉમેદવારો દ્વારા કુલ ૦૯ ફોર્મ ભરવામાં આવ્યા છે.

૧૭-ખેડા લોકસભા બેઠક પરથી તા. ૧૯-૦૪-૨૦૨૪ના રોજ ચંદ્રશેખરસિંહ ડાભી દ્વારા ઈન્ડિયન નેશનલ કોંગ્રેસમાંથી ૨ ફોર્મ, કાદરી મોહંમદ સાબીરે ભારતીય જનનાયક પાર્ટીમાંથી ૨ ફોર્મ, દશરથભાઈ હરજીવનભાઈ કાંટિયાએ ન્યુ ઈન્ડિયા યુનાઈટેડ પાર્ટીમાંથી, દેવુસિંહ ચૌહાણે ભારતીય જનતા પાર્ટીમાંથી, કાળાભાઈ ડાભીએ ઈન્ડિયન નેશનલ કોંગ્રેસમાંથી, ભાઈલાલભાઈ પાંડવે બહુજન સમાજ પાર્ટીમાંથી અને સંજયકુમાર પર્વતસિંહ સોઢા દ્વારા અપક્ષમાંથી ફોર્મ ભરવામાં આવ્યું હતું.

આમ, તા. ૧૬-૦૪-૨૦૨૪થી તા. ૧૯-૦૪-૨૦૨૪ સુધી ૧૭- ખેડા લોકસભા બેઠક માટે કુલ ૧૪ ઉમેદવારો દ્વારા કુલ ૨૫ ફોર્મ ભરવામાં આવ્યા છે. વધુમાં તા. ૨૦/૦૪/૨૦૨૪ના રોજ ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવનાર છે અને ઉમેદવારી પત્રક પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૨૨/૦૪/૨૦૨૪ છે.

# બાલાસિનોરમાં ચુંટણી ફરજમાંથી મુક્તિની ૧૧૫ માંથી ૪૧ અરજી નામંજુર

બાલાસિનોર, મહિસાગર જિલ્લાના બાલાસિનોરમાં ચુંટણીને લઈને વિવિધ વિભાગોના અધિકારીઓ તેમજ કર્મચારીઓને ફરજની સોંપણી કરાઈ છે. જરૂરી તાલીમ પણ અપાઈ છે. તેમ છતાં ચુંટણી કામગીરીમાં અનેક કર્મચારીઓ છટકબારી શોધી રહ્યા છે. ચુંટણીની ફરજમાં જવુ ન પડે તે માટે વિવિધ બહાના બતાવી ચુંટણી ફરજમાંથી મુક્તિ મેળવવા પ્રયત્નો કરી રહ્યા છે. બાલાસિનોર તાલુકામાં ચુંટણી ફરજમાંથી મુક્તિ માટે અત્યાર સુધીમાં અંદાજિત ૧૧૫ અરજી આવી છે. જેમાં ચુંટણી ફરજમાંથી મુક્તિ મેળવવા અનેક કારણો જણાવવામાં આવ્યા છે. જેમાં માતા-પિતાની તબિયત સારી નથી, લગ્નમાં જવાનુ છે, તથા સૌથી વધુ કારણ માંદગી તેમજ પક્ષ સાથે જોડાયેલા હોવાનુ જણાવાયુ છે. તો ઘણા કર્મચારીઓએ તો સાવ સામાન્ય બહાના બતાવ્યા હતા જે ગળેથી ઉતરે તેવા ન હતા. તંત્ર દ્વારા આવેલ ૧૧૫ અરજીઓમાંથી ૪૧ જેટલા કર્મીઓના ચુંટણીમાં થયેલ ઓર્ડર રદ્દ કરવાની અરજી નામંજુર કરાઈ છે. અને ૭૪ જેટલી અરજીઓ મંજુર કરાઈ છે.

# સપામાં મુસ્લિમોનું સન્માન નથી, અખિલેશ ખોટા લોકોથી ઘેરાયેલા છે,એસટી હસન

મુરાદાબાદ, લોકસભાના પ્રથમ તબક્કા માટે આજે મતદાન થયું હતું આ દરમિયાન સમાજવાદી પાર્ટીના સાંસદ એસટી હસને કહ્યું કે લોકશાહી અને બંધારણને બચાવવા માટે વોટ આપવો જરૂરી છે. તેમજ ટીકીટ ન મળતા તેની પીડા પણ વ્યક્ત કરી હતી.તમને જણાવી દઈએ કે, અખિલેશ યાદવે લોકસભા ચૂંટણી માટે એસટી હસનને ટિકિટ આપી હતી પરંતુ તેમના નામાંકનના બીજા જ દિવસે તેમની ટિકિટ રદ કરી દેવામાં આવી હતી. જે બાદ આઝમ ખાને પોતાના નજીકના નેતા રુચિ વીરાને ટિકિટ આપી હતી. જે બાદ પાર્ટી અને એસટી હસન વચ્ચે તણાવ જોવા મળ્યો હતો. અખિલેશ યાદવ પ્રચાર કરવા ગયા ત્યારે પણ એસટી હસન સાથે આવ્યા ન હતા. હવે હસન કહે છે કે અખિલેશ યાદવ કેટલાક ખોટા લોકોથી ઘેરાયેલા છે.

સમાજવાદી પાર્ટીમાં મુસ્લિમોનું સન્માન નથી. તે આ અંગે ચૂંટણી પછી જણાવશે.ઉત્તર પ્રદેશના મુરાદાબાદમાં પ્રથમ તબક્કાના મતદાન પર સમાજવાદી પાર્ટીના નેતા ડૉ.એસ.ટી.હસન કહે છે કે આ લોકશાહીનો તહેવાર છે જેમાં લોકો મતદાન કરે છે, તેમણે બને તેટલું મતદાન કરવું જોઈએ. લોકશાહી અને બંધારણને બચાવવા માટે મતદાન કરવું જરૂરી છે. લોકોને વોટ કરવાની અપીલ કરવાની સાથે એસટી હસને ભાજપ પર પણ નિશાન સાધ્યું અને કહ્યું કે તેઓ (ભાજપ) લોકોને મૂર્ખ બનાવવા માટે વિવિધ 'જુમલા' અને સંદેશા આપે છે.

# અમુલ ચીઝ પ્લાન્ટ, ખાત્રજ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો



નડીયાદ, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ જીટઊઊડ કાર્યક્રમ અંતર્ગત વિવિધ પ્રકારના મતદાન જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવે છે. જે અન્વયે ૧૧૭-મહેમદાવાદ વિધાનસભા મતવિભાગમાં ખાત્રજ, જીભાઈપુરા ખાતે આવેલ અમુલ ચીઝ પ્લાન્ટના કામદારોને મતદાન કરવા માટેની શપથ લેવડાવવામાં આવી તથા સંકલ્પ પત્રો અને પત્રિકાઓનું વિતરણ કરી મતદાન જાગૃતિનો કાર્યક્રમ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં અંદાજે ૧૦૦ જેટલા વ્યક્તિઓએ ભાગ લીધો હતો.

# અમદાવાદમાં ટાઈફોઈડના કેસમાં અચાનક વધારો, એક જ સપ્તાહમાં ૪૧ દર્દીને સારવાર

અમદાવાદ, શહેરમાં તાવ, ખાંસી, શરદી સહિત વાયરલ ઈન્ફેક્શન અને ટાઈફોઈડના કેસનો રાફડો ફાટયો છે, સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં વાયરલ ઈન્ફેક્શનના દર્દીઓની સંખ્યા ઘટવાનું નામ લેતી નથી, અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક સપ્તાહમાં વાયરલ ઈન્ફેક્શનના ૧૩૪૨ કેસ નોંધાયા છે.

શહેરમાં સ્વાઈન ફ્લૂએ ફરી એક વાર માથું ઊંચક્યું છે, એપ્રિલ મહિનાના ૧૪ દિવસમાં સોલા સિવિલમાં એચ૧એન૧ એટલે કે સ્વાઈન ફ્લૂના ૨૧ શંકાસ્પદ દર્દી નોંધાયા છે, જે પૈકી ૮ દર્દીના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે, જે પૈકી છેલ્લા એક સપ્તાહમાં ૧૧ શંકાસ્પદ કેસ સાથે પાંચના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે.

ટાઈફોઈડના કેસમાં અચાનક ઉછાળો નોંધાયો છે, ગત સપ્તાહે માંડ ચાર કેસ આવ્યા હતા, જોકે છેલ્લા સપ્તાહે અચાનક કેસ વધ્યા છે, ટાઈફોઈડના નવા ૪૧ દર્દી નોંધાયા છે. વાયરલ હિપેટાઈટિસના ૭ દર્દી, ઝાડા ઉલટીને લગતા ૪ દર્દી નોંધાયા છે. સોલામાં છેલ્લા બે સપ્તાહમાં ડેન્ગ્યુના ૮૧ શંકાસ્પદ કેસમાં દર્દીઓને સારવાર અપાઈ છે, જે પૈકી બે રિપોર્ટ પોઝિટિવ છે. બે સપ્તાહમાં મેલેરિયાના ૩૮૧ કેસ આવ્યા છે, જે પૈકી એક રિપોર્ટ પોઝિટિવ છે. એ જ રીતે ચિકન ગુનિયાના ૧૪ શંકાસ્પદ કેસ હતા, જે પૈકી એકેય રિપોર્ટ પોઝિટિવ આવ્યો નથી.

# સંતરામપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ડોક્ટર જયંત પરમાર લિખિત પુસ્તકનું શિક્ષણ મંત્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું

સંતરામપુર, ડો જયંત પરમાર લિખિત "Feminism in the Select Novels of Mahasweta Devi, Manju Kapur and Shobha De : A Critical Study " અંગ્રેજી પુસ્તકનું આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર ખાતે તા ૧૪/૪/૨૦૨૪ ના રોજ ભારત રત્ન ડો. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિના સુવર્ણ પ્રસંગે કેબિનેટ કક્ષાના આદિજાતિ વિકાસ અને શિક્ષણ મંત્રી પ્રો.ડો કુબેરભાઈ ડિંડોર તેમજ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ ડો. પ્રતાપસિંહ ચૌહાણ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના હિન્દી વિભાગ ના વડા ડો.બી.કે કલાસવાના હસ્તે પુસ્તકનું વિમોચન થયું. જેમાં મહાનુભાવો દ્વારા ડો.જયંત પરમાર લિખિત પુસ્તક વિશે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા કે, આજના સમયમાં નારી એ દરેક ઘરનું જ નહીં પરંતુ સમગ્ર સમાજ અને દેશનું ઘરેણું છે. લેખક તરીકે ડો.જયંત પરમાર પોતાના વિચારો અને સારાંશ રજૂ કર્યો. જેમાં નારીનું માન સન્માન પુરૂષપ્રધાન સમાજમાં થવું જોઈએ. તેમણે પણ પુરૂષ જેટલું સ્થાન અને માન મળવું જોઈએ. ડો જયંત પરમારે સાત થી વધુ રિસર્ચ પેપર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલમાં પ્રકાશિત કરાવેલ તેમજ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં પણ રિસર્ચ પેપર રજૂ કરેલ છે. આ ઉપરાંત તેમને જુદી જુદી સંસ્થાઓ દ્વારા સિલ્વર જુબેલી એવોર્ડ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં પણ પોતાના વિચારો રજૂ કરવા બદલ પ્રમાણપત્ર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. સાથે સાથે શાળા-કોલેજમાં શિક્ષણ કાર્યનો બહોળો અનુભવ ધરાવે છે. પુસ્તક વિમોચન કાર્યક્રમમાં મારી માતૃ સંસ્થાના સમગ્ર અધ્યાપક ગણ,ભૂતપૂર્વ શાળાના ગુરૂ સમાન મિત્રો, પરિવારના સભ્યો,સમાજના આગેવાનો નજીકના મિત્રો તેમજ કોલેજના વિદ્યાર્થીઓ પુસ્તક લોકાર્પણ કાર્યક્રમમાં હાજર રહીને લેખક તરીકે ડો. જયંત પરમારને અઢળક શુભેચ્છાઓ પાઠવી હતી. જેમાં કોલેજના પ્રિ.ડો. અભય પરમારે ડો.જયંતનું શાલ પુષ્પગુચ્છ અને મોમેંટો આપીને સન્માન કર્યું હતું. જે બદલ સમગ્ર શાળા, કોલેજ, સમાજ ગૌરવ અને ગર્વની લાગણી અનુભવે છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.શંકરભાઈ પ્રજાપતિ, પ્રો.દેવરાજ નંદા તેમજ ડો. માલિની ગૌતમે કર્યું હતું.

# આપની આજ.......

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમે બીજાના કામ માટે દોડશો. આ કરવાથી તમે થાકને બદલે મનમાં જુદો સંતોષ મેળવશો. વૃદ્ધોની સેવા અને સદગુણ કાર્યોમાં પૈસા ખર્ચ કરવાને કારણે મનમાં આનંદ થશે. તમે વિરોધીઓ માટે માથાનો દુ:ખાવો બની રહેશો.

વૃષભ: આજનો દિવસ ખૂબ પડકારજનક રહેશે. આજે તમને દરેક કિસ્સામાં ઘણી જવાબદારીઓ સોંપી શકાય છે. આજે તમારો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવા માટેનો રહેશે. આજે કેટલાક લોકો તમારી પાસેથી ઘણી અપેક્ષા રાખી રહ્યા છે.

મિથુન: આજે તમારો શુભ દિવસ રહેશે. વિરોધીઓ રાજકીય ક્ષેત્રે તમને પાછળ છોડી દેવાનો પ્રયત્ન કરશે. ધીરે ધીરે તમે સફળતા તરફ આગળ વધીશો. આજે તમે લાંબા સમયથી અટકેલા કાર્યમાં સફળતા પ્રાપ્ત થવાની આશા રાખશો.

કર્ક: આજનો દિવસ ખાસ રહેશે. તમારું નસીબ દરેક બાબતમાં તમને ટેકો આપશે. વિરોધીઓની ષડયંત્ર નિષ્ફળ જશે અને તમે સફળતાના માર્ગ પર આગળ વધશો. સાંસારિક આનંદના માધ્યમો ઉપર શુભ ખર્ચ થવાના કારણે મનમાં આનંદ રહેશે.

સિંહ: આજનો દિવસ અન્ય દિવસોની તુલનામાં સામાન્ય રહેશે. રાશિ સ્વામી બુધના અન્ય ગ્રહો સાથે યોગ બનાવવાના કારણે તમને બૌદ્ધિક અને વ્યાવસાયિક ક્ષેત્રે સફળતા મળશે. સંતાન તરફથી ખુશખબર મળવાથી મનોબળ વધશે.નોકરી અને રોજગારની દિશામાં સફળતા મળશે.

કન્યા: આજનો દિવસ શુભ છે અને તમને દરેક ક્ષેત્રમાં સારા પરિણામ મળે તેવી આશા છે. આજે તમને દિવસભર આવકના નવા સ્ત્રોત મળશે. વિરોધી પરાજિત થશે.

તુલા: આજનો દિવસ ખાસ છે. આજે શુભ કાર્યોમાં તમારી રુચિ વધશે અને તમે આજે લેતા નિર્ણયોથી તમને ફાયદો થશે. સંતાન પક્ષના લગ્નજીવનમાં વિઘ્નોનો અંત આવશે. આજે લોકોમાં તમારો પ્રભાવ વધશે અને તમારી સાથે કામ કરનારાઓ પણ તમારી વાતોથી પ્રભાવિત થશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે વિશેષ દિવસ છે અને ઘણા કિસ્સામાં તે પરિપૂર્ણતા આપવાનો છે. વૃદ્ધ સ્ત્રીના આશીર્વાદથી પ્રગતિ માટેની વિશેષ તકો મળશે. છેલ્લા કેટલાક સમયથી ચાલતા વિવાદનો આજે અંત આવી શકે છે અને પરિવારમાં ફરી સહકાર વધશે.

ધન: આજના દિવસે કેટલીક પ્રતિકૂળ પરિસ્થિતિ જેવો દેખાય છે. અતિશય મજૂરી કરશો પરંતુ આવક ઓછી થશે અને ખર્ચ વધારે હશે. ગુપ્ત દુશ્મનો સક્રિય રહેશે અને તમને પજવવાનું કામ કરી શકે છે. સૂર્યાસ્ત સમયે થોડી રાહત મળશે.

મકર: વિશેષ ગ્રહો તમારી સફળતા માટે માર્ગ તૈયાર કરશે. કાર્યમાં સફળતા, ઘરમાં ધનનો વધારો, મિત્રો પાસેથી પૈસાની પ્રાપ્તિ, નબળા શત્રુઓ પર વિજય અને તમામ પ્રકારની આશાઓ આજે પૂર્ણ થશે.

કુંભ: તમારી રાશિના જાતકો માટે આજનો દિવસ ખૂબ પડકારજનક રહેશે. આજે તમારી તરફેણમાં એક મહત્વપૂર્ણ વ્યવસાયિક કરાર ફાઈનલ કરવામાં આવશે તે તમારા મનમાં એક અલગ પ્રકારનો આનંદ લાવશે. તમે નવી યોજનાઓ પર નવા ઉત્સાહ સાથે કામ કરશો.

મીન: તમને આજે દરેક ક્ષેત્રમાં સફળતા મળશે અને તમે ભાગ્યશાળી રહેશો. આજે સંતોની સભાથી મનમાં આનંદ થશે. ઉચ્ચ અધિકારીઓની કૃપાથી જમીન-સંપત્તિનો વિવાદ પણ હલ થશે. તમને આજે કોઈ મામલામાં સફળતા મળી શકે છે. સાંજે સ્વાસ્થ્ય થોડું નરમ થઈ શકે છે. કાળજી રાખજો.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## દાહોદ લોકસભા બેઠકના ભાજપ ઉમેદવારે મિલ્કત એફીડેવીટ ૨૪,૦૫,૫૮૨/- મિલ્કત દર્શાવી

દાહોદ, દાહોદ જીલ્લામાં લોકસભાની ચુંટણીને લઈ ઉમેદવારી દ્વારા પોતાની ઉમેદવારી ફોર્મની સાથે સાથે પોતાની મિલ્કતનું એફીડેવીટ પણ દર્શાવવામાં આવી રહ્યું છે. જેમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર જશવંતસિંહ ભાભોર દ્વારા ચુંટણી અધિકારીને રજુ કરવામાં આવેલ પોતાની મિલક્તના એફીડેવીટમાં પોતાના નામે રૂા. ૯૪,૨૬,૬૩૯ રોકડ રકમ, ઘરેણાં, બેન્કની થાપણો, વાહનો વિગેરે મળી દર્શાવવામાં આવી છે. જયારે તેઓની પત્નિના નામે રૂા. ૨૪,૦૫,૫૮૨ની મિલ્કતનું એફીડેવીટ ચુંટણી અધિકારી સમક્ષ રજુ કરવામાં આવ્યું છે.

ભારતીય જનતા પાર્ટીના લોકસભાના ઉમેદવાર જશવંતસિંહ ભાભોર દ્વારા ચુંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી ફોર્મ રજુ કર્યાની સાથે સાથે પોતાની અને પોતાની પત્નિના નામની મિલ્કતનું એફીડેવીટ પણ રજુ કરવામાં આવ્યું હતું. જેમાં જશવંતસિંહ ભાભોર પોતાની પાસે રોકડા રૂપીયા ૭૫,૦૦૦, બેન્કની થાપણો રૂા.૨,૮૮,૦૦૦, વીમા કંપનીના રૂા. ૧૨,૬૭,૯૮૧, કંપનીઓ, મ્યુચલફંડના રૂા. ૫,૯૪,૭૮૪, યોજનાના રૂા. ૧૨,૬૭,૯૮૧, વાહનોના રૂા. ૧,૦૦,૦૦૦, ઘરેણાના રૂા. ૨૩,૫૫,૦૦૦, લાયસન્સવાળા હથિયાર વિગેરે મળી કુલ રૂા. ૯૪,૨૬,૬૩૯ એફીડેવીટમાં દર્શાવવામાં આવ્યાં છે. ત્યારે તેમની પત્નિ કંચનબેન ઉર્ફે કસ્તુરીબેન જશવંતસિંહ ભાભોરે પોતાની મિલકતના એફીડેવીટમાં રૂા.૪૦,૦૦૦ રોકડા, બેન્ક થાપણોના રૂા.૧,૧૫,૦૦૦, શેર વિગેરેના રૂા.૬,૭૧૦, વીમા પોલીસીના રૂા.૭,૬૭,૯૩૦, ઘરેણાના રૂા.૩,૩૬,૦૦૦, લાયસન્સવાળા હથિયાર વિગેરે મળી કુલ રૂા. ૨૪,૦૫,૫૮૨ના મિલ્કતનું એફીડેવીટ ચુંટણી અધિકારી સમક્ષ રજુ કરવામાં આવ્યું છે.

## દાહોદના મોટીહાંડી ગામે મામાના ઘરે આવેલ બે બાળકો તળાવમાં ન્હાવા પડતા ડુબી જતાં મોત : પરિવારજનોમાં માતમ



દાહોદ, દાહોદ જીલ્લાના મોટીહાંડી ગામે મામાના ઘરે વેકેશન માણવા આવેલા બે બાળકો ગામમાં આવેલ તળાવમાં ન્હાવા પડતાં બંન્ને બાળકો તળાવના ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતાં બંન્ને બાળકોના મોત નીપજ્યાં હતાં. ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ હતી. ત્યારે બંન્ને બાળકોના મોતની જાણ સ્થાનીક પોલીસને થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો.ઝાલોદના મોટીહાંડી ગામે ધામણખોબરા ફળિયામાં પોતાના મામાના ઘરે વેકેશન માણવા આવેલા રાધેભાઈ દિલીપભાઈ નરસીંગભાઈ (રહે.મોટીહાંડી, ધામણખોબરા ફળિયું, તા. ઝાલોદ, જી. દાહોદ) અને દિપીકાબેન તાનસીંગભાઈ કટારા આ બંન્ને પિતરાઈ ભાઈ–બહેન આજરોજ ગામમાં આવેલ એક તળાવમાં ન્હાવા ગયાં હતાં. જોતજોતામાં તળાવના ઉંડા પાણીમાં બાળકો ગરકાવ થઈ જતાં બુમાબુમ મચી જવા પામી હતી. ઘટનાને પગલે સ્થાનીક તરવૈયાઓએ બંન્ને બાળકોને પાણીમાંથી બહાર કાઢ્યાં હતા, પરંતુ બંન્ને બાળકોના તળાવમાં ડુબી જવાના કારણે મોત નીપજ્યાં હતાં. ઘટનાને પગલે સ્થળ બંન્ને બાળકોના પરિવારજનો આવી પહોંચ્યાં હતા. જ્યાં પરિવારજનોમાં ગમગીની છવાઈ હતી. ઘટનાની જાણ ગ્રામજનોને થતાં ગ્રામજનો પણ ઘટના સ્થળે ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી ગયો હતો. બંન્ને મૃતક પિતરાઈ ભાઈ–બહેનનો કબજો લઈ નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતાં. હાલ જ્યારે વેકેશન ચાલી રહ્યું છે તેવા સમયે બાળકોનું માતા–પિતા તેમજ સ્વજનો દ્વારા ખાસ ધ્યાન રાખવા જેવું છે. બાળકો રમતા રમતા જળાશયો, છાબા પર ચઢી જતાં હોય છે, તેમજ રમતા રમતા જાહેર રસ્તાઓ ઉપર પણ પહોંચી જતાં હોય છે. આવા સમયે બાળકો સાથે દુર્ઘટના સર્જાઈ જતી હોય છે. ત્યારે આવા સમયે વાલીઓ દ્વારા પોતાના બાળકોનું ખાસ ધ્યાન રાખવામાં આવે તે અત્યંત આવશ્યક છે અને સાવચેતીના ભાગરૂપે બાળકોના આવા સ્થળોએ એકલા જવા દેવા જોઈએ નહીં. ત્યારે ઉપરોક્ત ઘટનાને પગલે સ્થાનીક પોલીસ દ્વારા અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રામનવમીએ ડ્રોનથી હનુમાનજીની પ્રતિમાએ ગગન વિહાર કર્યો હતો



દાહોદ, દાહોદમાં રામ નવમીએ રામ યાત્રામાં ભાવિકો ભક્તિમય બની ઝુમી ઉઠયા હતા. તેમાંયે રામદૂત હનુમાનજીની પ્રતિમાએ ડ્રોનથી ગગન વિહાર કર્યાના દ્રશ્યો દાહોદવાસીઓ ભુલી શક્યા નથી. ત્યારે ડ્રોનની તાલીમ આપતી આ એ.આઈ.ટી.એમ.સી. વેન્ચર્સ લિમિટેડ કંપની વિશે મહત્વની વાતો જાણવા જેવી છે. કેમ કે દાહોદ જેવા પછાત કહેવાતા જીલ્લામાં આ ક્ષેત્રે ક્રાંતિ થવા જઈ રહી છે.

રામ નવમીએ રામ યાત્રામાં હનુમાનજીની પ્રતિમા ડ્રોનથી ગગન વિહાર કર્યો તે દ્રશ્ય દાહોદવાસીઓએ પ્રથમ વખત નિહાળ્યું હતું. પરંતુ આ ડ્રોન ઉપલબ્ધ કરાવનાર એ.આઈ.ટી.એમ.સી વેન્ચરસ કંપનીની વાત જાણવા જેવી છે. આ દાહોદમાં એક મહત્વની તક યુવક યુવતિઓને મળી રહી છે. ખૂબ જ ઓછી કંપની પાસે DGCA (ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન)નું લાયસન્સ હોય છે. AITMC VENTURES LTD કંપની કે જે ગુરૂગ્રામ હરિયાણા ખાતે DGCAની માન્યતા ધરાવતું RPTO સેન્ટર ધરાવે છે. આ વર્ષે DGCA પાસેથી લાયસન્સ મેળવી ટૂંક સમયમાં RPTO (રિમોટ પાઈલટ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન) સેન્ટર દાહોદ ખાતે શરૂ કરવા જઈ રહેલ છે. સમગ્ર રાજ્ય અને દેશ માંથી દાહોદ ખાતે DGCA લાયસન્સ ધરાવતા ડ્રોન પાઈલોટ તૈયાર થશે. જે ખુબજ ગૌરવની વાત છે.

પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના અંતર્ગત AITMC VENTURES LTD કંપની દ્વારા સમગ્ર દેશમાં કિસાન ડ્રોન ઓપરેટર તરીકેની તાલીમ અપાઈ રહેલ છે. તે અંતર્ગત આપણા નજીકના જીલ્લાની વાત કરીએ તો દાહોદ, પંચમહાલ, મહીસાગર અને વડોદરા ખાતે કુલ ૪૨૦ વિદ્યાર્થીઓ તાલીમ લઈ રહ્યા છે અને આગામી સમયમાં ૩૬૦ વિદ્યાર્થીઓ તાલીમ લેવાના છે. આમ, કુલ ૭૮૦ વિદ્યાર્થીઓ આ વર્ષે કિસાન ડ્રોન ઓપરેટર તરીકેની આધુનિક ખેતી કરવા માટે ડ્રોનની તાલીમ લેવાના છે.

## સંજેલી સીએચસી ખાતે એક્સ-રે વાન દ્વારા ટીબીના દર્દીઓના એક્સ-રે કરવામાં આવ્યા



દાહોદ, આજરોજ દાહોદ જીલ્લાના સંજેલી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદય ટીલાવત તથા જીલ્લા ક્ષય અધિકારી ડો. આર.ડી.પહાડિયાના માર્ગદર્શન અન્વયે વડોદરા દિપક ફાઉન્ડેશન દવારા એક્ષરે વાન સંજેલી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રિઝમટીવ ટીબીના લાભાર્થીઓના એક્ષરે કરવામાં આવ્યા. સાથે સાથે ડાયાબિટીસ બીપી અને એચબીની તપાસ કરવામાં આવી હતી. આ કેમ્પની અંદર કુલ ૧૦૨ લાભાર્થીઓએ લાભ લીધો હતો. આરોગ્યની સેવાઓ છેવાડાના માનવી સુધી મળી રહે તે હેતુથી આયોજન કરવામાં આવ્યું.

## દાહોદ જીલ્લા લોકસભાની ઉમેદવારી ફોર્મ ભરવા છેલ્લા દિવસે ૩ ઉમેદવારી ફોર્મ ભરાયા

દાહોદ, દાહોદ જીલ્લામાં લોકસભાની ચુંટણીમાં ઉમેદવારી ફોર્મ ભરવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે આજરોજ ત્રણ ઉમેદવારીઓ પોતાનું ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું.આજરોજ પાંચ ઉમેદવારીઓ પોતાનું ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું. જેમાં અપક્ષમાંથી ડામોર વેસ્તાભાઈ અને ડામોર મનાભાઈ, કોમ્યુનીટી પાર્ટી ઓફ ઈન્ડિયામાંથી મકવાણા નરસિંગભાઈ ઉમેદવારી ફોર્મ ભર્યા હતાં. આજદિન સુધી કુલ ૨૧ ઉમેદવારીઓ પોતાના ઉમેદવારી ફોર્મ ભર્યા છે.

## ઝાલોદમાં લેબોરેટરીમાં ચોર ઈસમોએ તાળું તોડી બે લાખ રોકડ ચોરી કરી

દાહોદ, દાહોદ જીલ્લાના ઝાલોદ નગરમાં એક લેબોરેટરીમાં અજાણ્યા ચોર ઈસમો દ્વારા લેબોરેટરીનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી રૂા.૨ લાખની રોકડની ચોરી કરી ફરાર થઈ ગયાંનું જાણવા મળે છે.

ઝાલોદ નગરમાં બાંસવાડા રોડ પર આવેલ હેલ્થ કેર લેબોરેટરીમાં ગતરોજ વહેલી સવાર લેબોરેટરીનો કર્મચારી લેબોરેટરીમાં રાબેતા મુજબ ફરજ પર ગયો હતો. ત્યારે લેબોરેટરીનું શટર ખોલવા જતાં શટર પરના તાળા ન હોવાને પગલે આશ્ચર્ય સર્જાયુ હતું. કર્મચારીએ લેબોરેટરીમાં જઈ તપાસ કરતાં ચોરી થઈ હોવાનું માલુમ પડતાં તાત્કાલિક કર્મચારીએ લેબોરેટરીના માલિકને જાણ કરી હતી. માલિક તાત્કાલિક લેબોરેટરી ખાતે પહોંચી ગયાં હતાં અને લેબોરેટરીમાં તપાસ કરતાં લેબોરેટરીમાંથી રોકડા રૂા.૨ લાખ ચોરી થયાં હોવાનું જણાઈ આવ્યું હતું. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં અને આ અંગેની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. સમગ્ર મામલે સ્થાનીક પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ આરંભ કરી ગુનો નોંધી તસ્કરોને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા છે.

## દાહોદ કસ્બા વિસ્તારમાં જુગાર પ્રવૃતિ રોકવા માટે રાખેલ પોલીસ કર્મીઓ સાથે ઈસમો ધક્કા મૂકી કરતાં ફરિયાદ

દાહોદ, દાહોદ શહેરના કસ્બા વિસ્તારમાં દાહોદ એ ડિવીઝન પોલીસને મળેલ બાતમીના આધારે જુગારની પ્રવૃતિઓ ચાલતી હોવાની બાતમીને આધારે વિસ્તારમાં શંકાસ્પદ લોકોની પુછપરછ માટે ગઈ હતી. જ્યાં ૧૨ જેટલા ઈસમોએ પોલીસ કર્મચારીઓ સાથે ધક્કામુક્કી કરી પોલીસની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઉભી કરી હોવાનું જાણવા મળે છે.

ગત તા.૧૭મી એપ્રિલના રોજ દાહોદ એ ડિવીઝન પોલીસને બાતમી મળી હતી કે, દાહોદ શહેરના કસ્બા જુમ્મા મસ્જીદ વિસ્તારમાં જુગારની પ્રવૃતિઓ ચાલી રહી છે. જે બાતમીના આધારે પોલીસે આ વિસ્તારમાં હાજર શોયબ તથા તેની સાથેના અન્ય ત્રણ ઈસમો પાસે જુગાર લગતની વાતોને આધારે તેમની પુછપરછ કરતાં અને ચેક કરવાની કોશિષ કરતાં એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને શોયબે અન્ય ૦૮ જેટલા ઈસમોને બોલાવી ઉશ્કેરણી કરી પોલીસની ફરજમાં અડચણ કરી હતી. ત્યારે પોલીસ ત્યાંથી જતાં પોલીસની મોટરસાઈકલને આડે અલગ અળગ જગ્યા ઉપર પોલીસની ફરજમાં અવરોધ કરી હતી. પોલીસે પોતે પોલીસ હોવાની ઓળખ આપવા છતાંય પોલીસ કર્મચારીઓ સાથે ગેરકાયદેસર કૃત્ય કરતાં આ સંબંધે દાહોદ એ ડિવીઝન પોલીસ મથકના પોલીસ કર્મચારી ગુલાબભાઈ હરદાસભાઈ દેસાઈએ દાહોદ એ ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદમાં અનાજ વેપારીને ચેક રીર્ટન કેશમાં બે વર્ષની સજા અને ૨૮.૩૭ લાખનું વળતર ચુકવવાનો હુકમ

દાહોદ, દાહોદ શહેરમાં અનાજના વેપારીને ખોટી સહીઓ કરી આપેલ ચેક પરત થતાં આરોપીને બે વર્ષની સજા તથા ચેકની બમણી રકમ રૂા.૨૮,૩૭,૬૮નું વળતરનો હુકમ દાહોદની કોર્ટ દ્વારા કરવામાં આવતાં કોર્ટ સંકુલમાં સન્નાટો પ્રસરી જવા પામ્યો હતો.

દાહોદમાં બહુ મોટી એ.પી.એમ.સી. માર્કેટ આવેલ છે અને આ એ.પી.એમ.સી. માર્કેટના કારણે દાહોદ શહેરમાં અનાજનો મોટો વેપાર થતો હોય છે અને દેશ–વિદેશમાં અનાજનો વેપાર થાય છે. જેથી વેપારીઓ સાથે નાણાં નહીં ચુકવવા બાબતના છેતરપીંડીના બનાવો પણ બને છે. તે સંદર્ભે દાહોદમાં આવેલ એસ.કે. ટ્રેડીંગ કંપનીના પાવર ઓફ એટર્ની અબ્બાસી ખરોદાવાલાઓએ વાંકાનેરના રહેવાસી સલીમભાઈ સેરસીયાનાઓ સાથે અનાજ અંગે વેપાર કર્યો હતો અને વેપાર સંદર્ભે આરોપી સલીમભાઈનાઓએ એસ.કે. ટ્રેડીંગ કંપનીનો નાણાં ચુકવેલ નહીં અને ઉઘરાણી કરતાં ખોટી સહી વાળો ચેક એસ.કે. ટ્રેડીંગ કંપનીને આપેલ જે ચેક બાઉન્સ થયાં અંગેની ફરિયાદ એસ.કે. ટ્રેડીંગ કંપનીના પાવર ઓફ એટર્ની અબ્બાસી ખરોદાવાલાએ દાહોદ કોર્ટમાં દાખલ કરેલ જે ફરિયાદ દાહોદ કોર્ટમાં ચાલી જતાં નામદાર કોર્ટે એસ.કે. ટ્રેડીંગ કંપનીના વકીલ જાવેદ મનસુરી તથા અલતાફ મનસુરીની દલીલો ગ્રાહ્ય રાખી આરોપી સલીમભાઈ સેરસીયાનાઓને બે વર્ષની સજા તથા ચેકની બમણી રકમ રૂા.૨૮,૩૭,૬૮ ચુકવવા તેમજ કોર્ટ કાર્યવાહીનો ખર્ચ પણ ચુકવવા હુકમ કરવામાં આવ્યો હતો.

## ફતેપુરા તાલુકાના બારસલેડા ગામે બાળલગ્ન અટકાવાયા

દાહોદ, બાળ લગ્ન સમાજ માટે અભિશાપ છે. અને બાળકના બાળપણને સંપુર્ણ રીતે નષ્ટ કરી નાંખે છે. કુમળી વયનો બાળક કે બાળકી સામાજિક, આર્થિક અને જવાબદારીઓથી કચડાઈ જાય છે. તેવા સ્વાસ્થ્ય ઉપર પણ તેની વિપરીત અસર જોવા મળે છે. એક જાગૃત નાગરિક દ્વારા ફતેપુરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ બારસલેડા ગામમાં બાળ લગ્નની માહિતી અપાઈ હતી. તાત્કાલિક બાળ લગ્ન અટકાવવા અંગે તંત્ર અને પોલીસ વિભાગ સક્રિય રીતે કાર્યરત થઈ સંભવિત બાળ લગ્ન અટકાવવામાં સફળતા મેળવી ફતેપુરા તાલુકાના બારસલેડા ગામમાં સગીર બાળકના લગ્ન તેના પિતા અને કુટુંબીજનો દ્વારા અનુષ્ઠાન કરવામાં આવી રહ્યા છે. તેવી માહિતી મળતા બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ સમાજ સુરક્ષા અધિકારી દાહોદના માર્ગદર્શનથી જિલ્લા બાળ સુરક્ષા અધિકારી દ્વારા તાત્કાલિક ફતેપુરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરાયો હતો. જિલ્લા બાળ સુરક્ષા અધિકારી અને ફતેપુરા પો.સ્ટે.ના પી.એસ.આઈ.સાથે વ્યુહાત્મક રીતે ચર્ચા કરી અને પરિસ્થિતિઓનુ સંજ્ઞાન લઈ જિલ્લા સમાજ સુરક્ષા કચેરી તથા જિલ્લા બાળક સુરક્ષા એકમના અધિકારીઓ અને કર્મચારીઓ તથા પોલીસની ટીમને સાથે રાખી સ્થળ મુલાકાત લીધી હતી. જાન નીકળવાની તૈયારીમાં જ હતી. પરંતુ પોલીસની ગાડી જોતા જાનૈયાઓમાં નાસભાગ મચી જવા પામી હતી. સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો સાથે બેઠક કરી બાળ લગ્ન અટકાવવાની પ્રક્રિયા પુર્ણ કરાઈ હતી.

## ઝાલોદ વસંત મસાલામાં કામ કરતા વર્કરોની આરોગ્ય તપાસ કરવામાં આવી

ઝાલોદ, રાષ્ટ્રીય એઈડ્સ નિયંત્રણ અંતર્ગત (NACO) તેમજ ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી અમદાવાદના ડૉ. રાજેશ. ગોપાલ, એડીશનલ પ્રોજેકટ ડાયરેકટરની સુચના અન્વયે મેઈનસ્ટ્રીમીંગના ભાગરૂપે ઈન્ડસ્ટ્રીસ એરીયામાં મંજુરી કામકરતા અને સ્થળાંતર થયેલ અશિક્ષિત મંજુર વર્કરોમાં આરોગ્યલક્ષી જનજાગૃતિ લાવવા તેમજ આરોગ્ય તપાસ માટે દાહોદ જીલ્લાના મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદયકુમાર ટિલાવત અને ડી.ટી.એચ.ઓ. ડો.આર.ડી.પહાડીયા ના માર્ગદર્શન મુજબ તા.૧૬.૦૪.૨૦૨૪ના રોજ ઝાલોદ તાલુકા ખાતે કાર્યરત વસંત મસાલા કંપનીમાં આરોગ્ય તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં તાલુકા હેલ્થ અધિકારી .ડૉ.તુષાર ભાભોર સહયોગથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મહુડીના M.O., CHO, Pharmacist, Staff nurse, F.H.W., MPHW, Labtech PHC SBCC ટીમ વગેરે સ્ટાફની મેડીકલ ટીમ તૈયાર કરવામાં આવેલ. રકતપિતના મેડીકલ ઓફીસર ડૉ.અલ્પના જૈન તેમજ પી.એમ.ડબલ્યુ દવારા રકતપિતની તપાસ કરવામાં આવી. જીલ્લા ક્ષય કેન્દ્રNTEP માં ફરજ બજાવતા એસ.ટી.એસ. અને એસ.ટી.એલ.એસ દવારા તમામ મજુર વર્કરોની ટીબીની તપાસ કરવામા આવેલ. સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કાર્યરત ICTCSTI સેન્ટરમાં ફરજ બજાવતા કાઉન્સેલર અને લેબટેકનીશીયન દવારા કાઉન્સેલીંગ કરી કુલ–૧૨૬ મજુર વર્કરો અને સ્ટાફના HIV, SYPHILIS, SICKLECELL, RBS, HBsAg, TB, LEPROSY B.P. વગેરે ની આરોગ્ય તપાસ કરવામા આવેલ. જીસેકસ અમદાવાદ દવારા દાહોદ જીલ્લામાં કાર્યરત T.I. (N.G.O.) ટાર્ગેટ ઈન્ટરવેશન પ્રોજેકટના પ્રોજેકટ ડાયરેકટર તેમજ અન્ય સ્ટાફ દવારા કેમ્પમાં સહયોગ આપવામાં આવેલ.

દાહોદ જીલ્લામાં કાર્યરત દીશા ડાપકુ ખાતે ફરજ બજાવતા CSO કોમલ પટેલ અને Programe Assistant, ડાપકુ સ્ટાફ તેમજ વસંત મસાલા, ઝાલોદના મેનેજર અને PHC SBCC ટીમ તમામ આરોગ્ય સ્ટાફના સહયોગથી કુલ–૧૨૬ વર્કરોની આરોગ્ય તપાસ કેમ્પ સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યો.

## ગરબાડાના ટુંકીવજુ ગામે અજાણ્યા વાહન ચાલકે મોપેડ ગાડીને અડફેટમાં લેતાં દંપતિ પૈકી મહિલાનું મોત

દાહોદ, દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના ટુંકીવજુ ગામે એક અજાણ્યા વાહનના ચાલકે એક મોપેડ ટુ વ્હીલર ગાડીને અડફેટમાં લેતાં ગાડી પર સવાર એક દંપતિને અડફેટમાં લેતાં મહિલાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૮મી એપ્રિલના રોજ ગરબાડાના ટુંકીવજે ગામે રોઝી ફળિયામાંથી પસાર થતાં રોડ ઉપર એક અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યો હતો. તે સમયે ત્યાંથી મોપેડ ટુ વ્હીલર ગાડી લઈ પસાર થઈ રહે મડુભાઈ દિતાભાઈ પરમાર (રહે. બાવકા, ગામતળ ફળિયા, તા. જી. દાહોદ) તથા તેમની સાથે તેમની પત્નિ સુધાબેન બંન્ને અડફેટમાં લેતાં દંપતિ મોપેડ ટુ વ્હીલર ગાડી પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા. જેને પગલે સુધાબેનને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે મડુભાઈ દિતાભાઈ પરમારે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીઆ તાલુકામાં પ્રેમીને દુષ્કર્મમાં ફસાવવાનુ દબાણ કરતા કુટુંબીઓ સામે પરિણિતાની ફરિયાદ

દે.બારીઆ, દે.બારીઆ તાલુકામાં પરિણિતા ભાગી ગયા બાદ સમાધાનના નક્કી થયેલા રૂપિયા પ્રેમી આપતો ન હતો. જેથી તે મામલે કુટુંબીઓ પરિણિતાનો ત્રાસ આપતો હોઈ કંટાળીને તે ૧૪ દિવસ પહેલા ફરીથી તેની સાથે ભાગી ગઈ હતી. રૂપિયા આપતો ન હોવાની અદાવતે આ વખતે પ્રેમી અને તેના કુટુંબીઓને અપહરણ અને દુષ્કર્મના કેસમાં ફસાવવા ખોટી ફરિયાદ કરવાનુ તેના કુટુંબીઓ દબાણ કરતા હતા. દે.બારીઆ તાલુકાની એક પરિણિતા બે વર્ષ પહેલા ઉમેશ ઉર્ફે ઉકાર નામક પોતાના પ્રેમી સાથે ભાગી ગઈ હતી. ત્યારબાદ તેને પકડી લવાતા પરિણિતાના કુટુંબીઓ દ્વારા ઉમેશભાઈ પાસેથી સમાધાનના રૂપિયા લેવાનુ નક્કી કરાયુ હતુ. જોકે ઉમેશ રૂપિયા આપતો ન હોવાથી આ રૂપિયા પરિણિતા આપતા દેતી ન હોવાની શંકા રાખીને રૂપિયા કઢાવી આપવા માટે તેને અવાર નવાર મારફુટ કરીને ત્રાસ આપવામાં આવતો હતો. આ ત્રાસથી કંટાળીને પરિણિતા ઉમેશ સાથે ફરીથી ભાગી ગઈ હતી. શોધખોળ બાદ બંને શીંગળાજ ગામેથી પકડાયા હતા. શોધવા ગયેલ લલિત, શૈલેષ, દિલીપ અને કિરણ નામક કુટુંબી ઉમેશ રૂપિયા આપતો ન હોવાથી તેને અને તેના પરિવારના લોકો સામે અપહરણ અને દુષ્કર્મની ફરિયાદ કરવાનુ દબાણ કરી રહ્યા હતા. આ બાબતથી કંટાળેલી પરિણિતાએ અંતે ૧૭ એપ્રિલના રોજ પોતાના ચાર કુટુંબીઓ સામે જ ફરિયાદ નોંધાવી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.202

# પંચમહાલ લોકસભા બેઠકના ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લા દિવસે રાજકીય પાર્ટી અને અપક્ષ મળી ૧૮ ઉમેદવારી ફોર્મ ભરાયા

ગોધરા,
પંચમહાલ લોકસભા બેઠક ઉપર ચુંટણી અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ થયા બાદ ૧૨ એપ્રિલથી ફોર્મ ભરવાના છેલ્લા ૧૯ એપ્રિલ સુધીમાં કુલ ૫૮ ફોર્મનો ઉપાડ રાજકીય પક્ષોના અને અપક્ષ ઉમેદવારો દ્વારા કરવામાં આવ્યો હતો. પંચમહાલ લોકસભા ચુંટણી માટે ૩૧ ફોર્મ અપક્ષ ઉમેદવારો દ્વારા ઉપાડવામાં આવ્યા હતા. જ્યારે બીજેપી દ્વારા–૪, કોંગ્રેસ અને આપના–૧૩, બી.એસ.પી.પાર્ટીના–૨, અખિલ વિજયા પાર્ટીના–૨, આમ જનતા પાર્ટીના –૧, જનસંઘ–૨, રાઈટ ટુ રિ કોલ પાર્ટી–૧, એકમ સનાતન ભારત પાર્ટીના–૨ મળી કુલ ૫૮ ઉમેદવારી ફોર્મનો ઉપાડ થયો હતો. ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૯ એપ્રિલના ૧૯ ઉમેદવારી પત્રો ભરવામાં આવ્યા હતા. જનતા પાર્ટીના–૩ ફોર્મ, કોંગ્રેસના–૪, બી.એસ.પી.–૧, આમ જનતા પાર્ટી–૧, ધનવાન ભારત પાર્ટી–૨, રાઈટ ટુ રિ કોલ પાર્ટીના–૧ અને અપક્ષ–૬ મળી કુલ ૧૯ ઉમેદવારી પત્રો પંચમહાલ જીલ્લા ચુંટણી અધિકારી સમક્ષ ભરવામાં આવ્યા છે.

| ઉમેદવારોના નામ | પક્ષ |
|---|---|
| ઠાકર શૈલેષકુમાર શંકરલાલ | બહુજન સમાજ પાર્ટી |
| લક્ષ્મણભાઈ ગલાભાઈ બારીયા | આમ જનતા પાર્ટી |
| દુષ્યંતસિંહ નરવતસિંહ ચૌહાણ | કોંગ્રેસ |
| ગુલાબસિંહ સોમાસિંહ ચૌહાણ | કોંગ્રેસ |
| મનુભાઈ રેવાજીભાઈ પટેલ | ભારતીય જનતા પાર્ટી |
| રાજપાલસિંહ મહેન્દ્રસિંહ જાદવ | ભારતીય જનતા પાર્ટી |
| પાંડોર કૌશીકકુમાર શંકરભાઈ | અપક્ષ |
| જીતેશકુમાર ધનશ્યામભાઈ સેવક | ધનવાન ભારત પાર્ટી |
| હસમુખભાઈ ગણપતસિંહ રાઠોડ | અપક્ષ |
| શાંતિલાલ છોટાલાલ પટેલ | અપક્ષ |
| પટેલ મુકેશભાઈ વિઠ્ઠલભાઈ | રાઈટ ટુ રિ કોલ પાર્ટી |
| મનોજસિંહ રણજીતસિંહ રાઠોડ | અપક્ષ |
| તસ્લીમ મહોમદ રફીક દુર્વેશ | અપક્ષ |
| પૂનમભાઈ મડાભાઈ હરીજન | અપક્ષ |

# દાહોદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ટ્રેક્ટરમાં ડીસા જવા નીકળેલ શ્રમિકોને ગોધરાના ટુવા પાસે અકસ્માત સર્જાતા ૩ના મોત



**ટુવા પાસે સર્જાયલ અકસ્માતમાં ઈજાગ્રસ્તો :**
રાધિકા બાબુભાઈ નેરડા, અરૂણ જસુભાઈ મેડા, પુજા જશુભાઈ મેડા, બાલકિશન મેડા, અજય મુકેશભાઈ મેડા, પુનાભાઈ ભાભોર, જેતુ ગુંદિયા
**મૃતક :**
કરણભાઈ જશુભાઈ દેવધા, સુરેખાબેન કરણભાઈ દેવધા , રોનકભાઈ રાજેશ મેડા

ગોધરા,
ગોધરા–અમદાવાદ હાઈવે રોડ ઉપર ટુવા ગામ પાસેથી વહેલી સવારે દાહોદ જિલ્લાના શ્રમિકો ટ્રેક્ટરમાં સવાર થઈને ડીસા તરફ જઈ રહ્યા હતા ત્યારે પાછળથી આવી રહેલ ટેન્કર ચાલકે ટ્રેક્ટરને ટક્કર મારતા ટ્રેક્ટર રોડ ઉપર પલ્ટી જતાં ટ્રેક્ટરમાં સવાર શ્રમિક પરિવારો પૈકી એક દંપતિનુ ઘટના સ્થળે મોત નીપજ્યું હતુ. જયારે ૩ માસના બાળક સહિત ૮ વ્યકિતઓને ઈજાઓ પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ જિલ્લાના ચીખલીયા, ઉસ્માનિયા અને ખંગેલા ગામના શ્રમિકો ટ્રેક્ટરમાં બેસીને ગોધરા–અમદાવાદ હાઈવે ઉપર થઈને ડીસા તરફ જઈ રહ્યા હતા ત્યારે ગોધરા તાલુકાના ટુવા ગામ પાસે હાઈવે રોડ ઉપર ટ્રેક્ટર પાછળ આવતા ટેન્કર ચાલકે પોતાનુ વાહન પુરઝડપે હંકારી લાવીને ટ્રેક્ટરને ટક્કર મારતા ટ્રેક્ટર રોડ ઉપર પલ્ટી ખાતા સવાર શ્રમિકો પૈકી એક દંપતિ કરણભાઈ જશુભાઈ દેવધા અને સુરેખાબેન કરણભાઈ દેવધાને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે મોત નીપજયું હતુ. જયારે ટ્રેક્ટર સવાર અન્ય ત્રણ માસની બાળકી સહિત ૮ વ્યકિતઓને ઈજાઓ થવા પામી હતી. ટુવા પાસે અકસ્માતની જાણ થતાં કાંકણપુર પોલીસ અને ૧૦૮ ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્તોને સારવાર માટે ગોધરા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોમાં ત્રણ માસની બાળકી અને એક વ્યકિતને ગંભીર ઈજાઓ થયેલ હોય વધુ સારવાર માટે વડોદરા એસએસજીમાં ખસેડવામાં આવ્યા હતા. જયારે મૃતક પતિ–પત્નિના મૃતદેહને પી.એમ.અર્થે કાંકણપુર સીએચસીમાં ખસેડવામાં આવ્યા હતા. ટુવા પાસે ટેન્કર અને ટ્રેક્ટર વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં ટ્રેક્ટર પાછળ રિફલેકટર ન હોવાના કારણે ટેન્કર ચાલકને વાહનનો અંદાજ નહિ આવતા અકસ્માત સર્જાયો હોવાનુ પ્રાથમિક તપાસમાં જણાઈ આવ્યુ છે.

# ગોધરા ખાતે મીડિયા મોનિટરિંગ સેન્ટરની મુલાકાત લેતા જનરલ ઓબ્ઝર્વર છોટે સિંગ (આઈ.એ.એસ)



ગોધરા,
લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અંતર્ગત ૧૮–પંચમહાલ સંસદીય મત વિસ્તાર માટે કલેકટર કચેરી,ગોધરા ખાતે ઈલેક્ટ્રોનિક મીડિયા સેન્ટરનો પ્રારંભ કરાયો છે.મીડિયા સર્ટિફિકેશન એન્ડ મોનિટરિંગ કમિટી અંતર્ગત આ સેન્ટર ખાતે ઈલેક્ટ્રોનિક,પ્રિન્ટ અને સોશિયલ મીડિયામાં આવતા પેઈડ ન્યૂઝ,જાહેરાતો સહિત આચારસંહિતા ભંગ અંગેના સમાચાર બાબતે રાઉન્ડ ધ કલોક નજર રાખીને રિપોર્ટિંગ કરવામાં આવી રહ્યું છે.આ બાબતે જીલ્લા ચૂંટણી વિભાગ દ્વારા કુલ ૧૮ કર્મચારીઓને ત્રણ શિફ્ટમાં ડ્યુટી ફાળવવામાં આવી છે.

ચૂંટણી પંચ દ્વારા ૧૮–પંચમહાલ સંસદીય મતદાર વિભાગ માટે નિયુકત થયેલા જનરલ ઓબ્ઝર્વર છોટે સિંગ (આઈ.એ.એસ)એ જીલ્લા ચૂંટણી અધિકારી આશિષ કુમાર સાથે મીડિયા સેન્ટરની મુલાકાત લઈને સમગ્ર કામગીરીનું નિરીક્ષણ કરીને જરૂરી સૂચન કર્યા હતા.તેમણે સમગ્ર કામગીરીનું નિરીક્ષણ કરીને જણાવ્યું હતું કે,પ્રિન્ટ,ઈલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયા મોનિટરિંગનું સઘન ચેકિંગ કરવામાં આવે તથા નિયમિત રિપોર્ટિંગ અને કમિટીની બેઠક યોજીને યોગ્ય નિર્ણય અને અમલવારી કરવા સૂચન પણ કર્યું હતું.આ સાથે તેમણે કહ્યું કે, ઉમેદવારોએ જાહેરાત આપતા પૂર્વે ફરજીયાત એમ.સી.એમ.સી કમિટી પાસેથી પ્રિ–સર્ટિફિકેશન કરાવવાનું રહેશે આ માટે જરૂરી પગલા ભરવા જણાવ્યું હતું.

આ તકે મીડિયા નોડલ અધિકારી અને નાયબ માહિતી નિયામક પારૂલ મણિયારે નિરીક્ષકને મીડિયાલક્ષી માહિતી અને સ્થાનિક ચેનલોના મોનિટરિંગ અંગેની જાણકારીથી વાકેફ કર્યા હતા.આ સાથે ડેઈલી અને વિકલી રિપોર્ટ,સમાચારના પ્રેસ કલિપિંગ્સ,રેકોર્ડિંગ બાબતે માહિતગાર કર્યા હતા.ખર્ચ નિરીક્ષકએ સમગ્ર કામગીરીને બિરદાવીને સંતોષ વ્યકત કર્યો હતો. આ પ્રસંગે જીલ્લા ચૂંટણી અધિકારી આશિષ કુમાર,જીલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી,પ્રાયોજના વહીવટદાર અને જનરલ ઓબ્ઝર્વરના નોડલ અધિકારી ડી.આર.પટેલ સહિત ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એક જ રાતમાં ૧૦૮ની ટીમ દ્વારા એમ્બ્યુલન્સમાં બે ડીલીવરી કરાવી બે માતા અને બે બાળકી માટે વરદાનરૂપ સાબિત થઈ




ગોધરા,
ગોધરા તાલુકાના હંસાપુર ગામના એક મહિલા ને કે જેમની ઉંમર વર્ષ ૩૪ ને તારીખ ૧૭ ૪ ૨૦૨૪ ના રોજ પ્રસુતિ પીડા શરૂ થતા જ સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા માટે રાતે ૧૦ કલાક અને ૨૬ મિનિટે કોલ કર્યો હતો. એમ્બ્યુલન્સ સ્થળ ઉપર પહોંચીને મહીલાની તપાસ કરીને સિવિલ હોસ્પિટલ ગોધરા લઈ જવા માટે એમ્બ્યુલન્સ રવાના થઈ હતી. ત્યારે રસ્તામાં ભુરાવાવ ચોકડી પાસે પ્રસવ પીડા વધી જતા એમ્બ્યુલન્સ સાઈડમાં કરીને રસ્તામાં જ ડીલેવરી કરાવવાની ફરજ પડી હતી. ઈએમટી સુમિત્રાબેન બારીયા એ પોતાની કુશળતા અને અનુભવ તથા અમદાવાદના ખાતેના ઈસીઆરસીપી ડોકટરની સલાહ મુજબ સફળતાપૂર્વક એમ્બ્યુલન્સમાં જ પ્રસુતિ કરાવી હતી. મહીલાએ સ્વસ્થ બાળકીને જન્મ આપ્યો હતો અને તેમને વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ગોધરા ખાતે લઈ જવાયા હતા.

તે જ રાત્રિ દરમિયાન ગોધરા તાલુકાના બેટીયા ગામના વતની બીજા એક મહીલા કે જેમની ઉંમર વર્ષ ૨૨ તેમની પ્રસવ પીડા શરૂ થતા રાતે ૧૧ કલાકને ૫૬ મિનિટે ૧૦૮ સેવા માટે કોલ કર્યો હતો જેથી સ્થળ ઉપર પહોંચીને મહીલાને તપાસતા તેમને સાત મહિનાના સગર્ભા હતા. તેમજ તેમની ખૂબ જ પ્રસવ પીડા હોવાથી સ્થળ પર જ ડીલેવરી કરાવવાની ફરજ પડી હતી. ઈએમટી સુમિત્રા બારીયા અમદાવાદના ડોક્ટરની સલાહ મુજબ ઘરેજ ડીલેવરી કરાવી હતી. તેમણે એક બાળકીને જન્મ આપ્યો હતો. જે અધૂરા મહીને જન્મી હોવાથી વજન ઓછું હતું. તેમજ શ્વાસ લેવામાં તકલીફ જણાતી હતી તેથી તેને નિયુનેટલ કેર અને ઓકિસજન આપતા શ્વાસમાં સુધારો જોવા મળ્યો હતો. તેમજ માતાની પ્રાથમિક સારવાર આપી માતા અને બાળકીને વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ગોધરા ખાતે ખસેડવામાં આવ્યા હતા. હાલમાં બંને માતા તેમ જ બંને બાળકીઓની હાલત સ્વસ્થ જાણવા મળેલ છે. આ રીતે પાયલોટ હિતેન્દ્રસિંહ અને ઈએમટી સુમિત્રાબેન બંને એક જ રાતમાંબે બાળકી અને બે માતાના જીવ બચાવીને ઉત્કૃષ્ટ કામગીરી કરેલ છે. આ રીતે ૧૦૮ સેવાએ એક જ રાતમાં બે બાળકી અને માતા માટે વરદાનરૂપ સાબિત થઈ.

## ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીસમેન્ટ એકટ હેઠળ નોંધાયેલ શ્રમયોગીઓ/કર્મચારીઓ મત આપી શકે તે માટેની વ્યવસ્થા કરવાની રહેશે

ગોધરા,
રાજસ્થાન રાજ્યમાં તા.૨૬/૦૪/૨૦૨૪, શુક્રવારના રોજ, મધ્યપ્રદેશ રાજ્યમાં તા.૧૩/૦૫/૨૦૨૪, સોમવારના રોજ અને મહારાષ્ટ્ર રાજ્યમાં તા.૧૩/૦૫/૨૦૨૪, સોમવારના રોજ તથા તા.૨૦/૦૫/૨૦૨૪, સોમવારના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી–૨૦૨૪ માટે મતદાન થનાર છે.

આથી રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજ્યના વતની હોય અને નોકરી ધંધા માટે ગુજરાત રાજ્યમાં રહેતા હોય તેવા રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજ્યના મતદારો મતદાનના દિવસે મતદાન કરી શકે તે માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીસમેન્ટ્સ એકટ હેઠળ સ્થાનિક સંસ્થાઓ, ગ્રામીણ બેંકો, રાષ્ટ્રીયકૃત બેંકો, ખાનગી બેંકો અને સહકારી બેંકો, રાજ્ય તથા કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ અંગેની કેટલીક કચેરીઓ, રેલ્વે, ટેલિફોન, તાર અને પોસ્ટ જેવી કેટલીક કચેરીઓ, દુકાનો, વાણિજ્યિક સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એકમો, સરકારી હોસ્પિટલો, પોલીસ સ્ટેશનો, ફાયર બ્રિગેડ અને આવશ્યક સેવાઓ આપતી અન્ય સંસ્થાઓ/કચેરીઓને ચુંટણીના સંબંધિત દિવસે અઠવાડિક રજાની બદલીમાં વૈકલ્પિક વ્યવસ્થા કરીને આવા કર્મચારીઓ શ્રમયોગીઓને મતદાન માટે ખાસ રજા આપવાની રહેશે તેમ નોડલ અધિકારી માઈગ્રેટરી ઈલેકટર્સ અને મદદનીશ શ્રમ આયુક્ત ગોધરા– પંચમહાલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## હાલોલ ચંદ્રપુરા જીઆઈડીસી રોડ ઉપર બાઈક અને કન્ટેનર વચ્ચે અકસ્માતમાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ




હાલોલ,
હાલોલ સાવલી રોડ ઉપર ચંદ્રપુરા જીઆઈડીસીમાં બાઈક અને કન્ટેનર વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક ચાલક યુવાનને ગંભીર ઈજાઓ થતાં દવા સારવાર માટે ખસેડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ ચંદ્રપુરા વિસ્તારમાં આવેલ એસએનજી કંપની પાસેથી પસાર થતા કન્ટેનર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બાઈક ચાલક કેતન વિજયસિંહ પરમાર (રહે. પલાસા, તા.કાલોલ)ની બાઈક કન્ટેનર સાથે અથડાતા યુવાનને ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ દ્વારા સારવાર માટે હાલોલ રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલા યુવકની લાશ કાલોલ નજીક શકિતપુરા ગામે નર્મદા કેનાલમાથી મળી આવી



હાલોલ,
હાલોલ યુવકની લાશ કાલોલ નજીક શકિતપુરા ગામે નર્મદા કેનાલમાથી મળી આવતા ચકચાર હાલોલના કોર્પોરેટર સુખીબેન ભાઈલાલભાઈ ચૌહાણના યુવાન પુત્ર નરેન્દ્ર ઉર્ફે નયલુ ભાઈલાલભાઈ ચૌહાણ ગત બુધવારના વહેલી સવારે કોઈ અગમ્ય કારણોસર આત્મહત્યા કરવાના ઈરાદે ખંડીવાળા ગામ નજીકની નર્મદા કેનાલમાં ઝપલાવ્યું હતું અને ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો, મોતને ગળે લગાવ્યું હતું. જેની લાંબી શોધખોળ કરવા છતાં પણ કોઈ પતો લાગ્યો ન હતો. શુક્રવારે વહેલી સવારે કાલોલના શક્તિપુરા ગામ નજીક નર્મદા કેનાલના સીઆર ગેટ પાસેથી આ યુવાન ની લાશ મળી આવતા કાલોલ પોલીસ ઘટણા સ્થળ ઉપર પહોંચી હતી અને મૃતક યુવકની લાશને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## શહેરા સિંધી માર્કેટમાં આડેધડ પાર્કિંગથી ટ્રાફિક જામની સ્થિતી



શહેરા,
શહેરા નગરમાં સિંધી માર્કેટ તરફ જતા રસ્તા ઉપર આડેધડ વાહન રસ્તાની બાજુમાં પાર્કિંગ કરી દેતા ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા હતા. જોકે, સિંધી ચોકડી તરફ જવાનો આ મહત્વનો માર્ગ હોય ત્યારે સંબંધિત તંત્ર દ્વારા આ રસ્તાને ખુલ્લો કરવામાં આવે અને વાહન ચાલકોને પડતી તકલીફ દૂર કરવામાં આવે એવી આશા અહીંથી પસાર થતા વાહન ચાલકો રાખી રહ્યા હતા.

# હાલોલ કંજરી રોડ તુલસીવિલા સોસાયટીના બંધ મકાનમાં રોકડ અને દાગીનાની ચોરી

હાલોલ,
હાલોલ કંજરી રોડ પર આવેલા તુલસીવિલા સોસાયટીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી દોઢ લાખ રૂપિયાના દાગીના અને ૨૦ હજાર રોકડાની હાથ સફાઈ કરી ફરાર થઈ ગયા હતા. નજીકમાં લગ્ન હોવાથી સાંજે મકાન માલિક વરઘોડામાં ગયા હતા. તે દરમિયાન અજાણ્યા તસ્કરો ઉપરના માળના દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ્યા હતા. તિજોરી તોડી સામાન અસ્ત વ્યસ્ત કરી દાગીના અને રોકડ રકમ ઉઠાવી ફરાર થઈ ગયા હતા. મકાન માલિકે રાત્રે જ પોલીસને ચોરી થયાની જાણ કરી હતી.

હાલોલના કંજરી રોડ તુલસીવિલા સોસાયટીમાં એ–૮૯ નંબરના મકાનમાં રહેતા ચૌહાણ પરેશકુમાર બળવંતસિંહ તેમના ઘરની સામે નજીકમાં લગ્ન હોવાથી સાંજે નીકળેલા વરઘોડામાં ગયા હતા. અડધો કલાકમાં જ તેઓ ઘરે પરત ફર્યા હતા. ત્યારે ઘરમાં જતાં બેડરૂમ સહિતનો સામાન અસ્તવ્યસ્ત વિખરાયેલો પડ્યો હોવાથી તપાસ કરતા તિજોરી તુટેલી હતી. તિજોરીમાંથી સોનાના દાગીના, પાંચ વિંટી, કાનના કુંડળ, છડા, સોનાની ચેઈન મળી દોઢ લાખ રૂપિયાના દાગીના તેમજ તિજોરીમાંથી ૨૦ હજાર રૂપિયા રોકડા ગાયબ જણાયા હતા. મકાન માલિકે તપાસ કરતા ચોર મુખ્ય દરવાજાથી નહિ પરંતુ ઉપલા માળનો દરવાજો તોડીને ઘરમાં પ્રવેશ્યા હોવાનુ જણાવ્યુ હતુ. ઉપલા માળના દરવાજાનો નકુચો તોડી તસ્કરો ઘરમાં ઘુસ્યા હતા. અને વરઘોડાના શોર બકોરમાં ગણતરીના સમયમાં ઘરમાંથી ૧.૫૦ લાખ રૂપિયાના દાગીના સહિત રોકડ રકમ તફડાવી ફરાર થઈ ગયા હતા. રાત્રે પોલીસને જાણ કરવામાં આવી હતી. પરંતુ પોલીસ સ્ટાફ રામનવમીની શોભાયાત્રામાં બંદોબસ્તમાં હોવાથી સાંજ સુધી પોલીસે તપાસ કરવા આવીશુ તેમ જણાવ્યુ હતુ. છતાં હજુ સુધી પોલીસ આવી ન હોવાનુ જાણવા મળ્યુ હતુ.

# જાંબુઘોડાના ડુમા ગામેથી નર્મદાની પસાર થતી કેનાલમાં વડોદરાની મહિલાનો મૃતદેહ મળ્યો

જાંબુઘોડા,
જાંબુઘોડા તાલુકાના ડુમા ગામેથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાંથી અજાણી મહિલાનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. પોલીસ તપાસમાં મહિલા વડોદરાના અટલાદરામાં રહી તેજગઢ નજીક બિલ ગામે હેલ્થ વર્કર તરીકે ફરજ બજાવતી હોવાની વિગતો સાંપડી હતી.

જાંબુઘોડા તાલુકાના ડુમા, ઉચેટ ગામ પાસેથી પસાર થતી નર્મદાની મુખ્ય નહેરમાંથી અજાણી મહિલાનો મૃતદેહ તણાતો નજરે પડતા કેટલાક રાહદારીઓએ માનવતા દાખવી અજાણી મહિલાના મૃતદેહને પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. અને ૧૦૮ ને જાણ કરી સમગ્ર બનાવની જાણ કરી હતી. બનાવની જાણ થતાં ૧૦૮ ડુમા ગામે આવેલ નર્મદા કેનાલ ઉપર પહોંચી મૃતદેહને જાંબુઘોડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લવાયો હતો. બનાવની જાણ જાંબુઘોડા પોલીસને કરાતા જાંબુઘોડા પોલીસ મૃતદેહનો કબ્જો મેળવી મૃત હાલતમાં મળી આવેલ અંદાજિત ૩૦ વર્ષની ઉંમર ધરાવતી મહિલા કોણ છે અને કયાંની છે તે દિશામાં જાંબુઘોડા પોલીસે તપાસ હાથ ધરી હોવાનુ જાણવા મળેલ છે.આ મૃત હાલતમાં મળી આવેલ મહિલાના ગળામાં મંગળસુત્ર પહેરેલુ જોવા મળી આવ્યુ હતુ. જાંબુઘોડા પોલીસે આગળની કાર્યવાહી હાથ તપાસ કરતા ગણતરીના કલાકોમાં અજાણી મહિલાનો ભેદ ઉકેલી મૃતક મહિલા પ્રિયંકા વરીયા હોવાનુ જાણવા મળ્યુ હતુ. તેનુ પિયર તેજગઢ છે. અને વડોદરાના અટલાદરા ખાતે ૨૦૧૯મા પરણી પતિ સાથે રહી અટલાદરા નજીક બિલ ગામે વીએમસીના દવાખાનામાં ફિમેલ હેલ્થ વર્કર તરીકેની ફરજ બજાવતી હોવાની વિગતો સાંપડી હતી.